


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 197
Dt.: 23-05-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### ૧૮ જુને ચૂંટણી, એ જ દિવસે પરિણામ

# ગુજરાતની રાજ્યસભાની ૪ બેઠકો સહિત ૨૪ સીટ માટે ચૂંટણીની તારીખ જાહેર

## ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્યો રામ મોકરિયા, નરહરી અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ની તારીખો જાહેર થઈ ગઈ છે. ચૂંટણી પંચે દેશના ૧૦ રાજ્યોની કુલ ૨૪ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પંચ અનુસાર આ બેઠકો માટે ૧૮ જૂન ૨૦૨૬ના રોજ મતદાન યોજાશે અને એ જ દિવસે સાંજે ૫ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે.

ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ૧૦ રાજ્યોમાં યોજાનારી આ ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા પ્રેસનોટ અનુસાર, રાજ્યસભાના ૨૪ સભ્યોનો કાર્યકાળ જૂન અને જુલાઈ ૨૦૨૬ દરમિયાન પૂર્ણ થઈ રહ્યો છે, જેના કારણે આ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ગુજરાતની ચાર બેઠકો માટે પણ ૧૮ જૂનના રોજ મતદાન યોજાશે.ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્યો રામ મોકરિયા, નરહરી અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, જેના કારણે આ બેઠકો ખાલી થઈ રહી છે. ઉપરાંત જેઓનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે તેમાં કોંગ્રેસ અધ્યક્ષ, અને પૂર્વ વડાપ્રધાન જેવા દિગ્ગજ નેતાઓના નામ પણ સામેલ છે. રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહની બેઠકો પણ ખાલી થઈ રહી છે. ચૂંટણી પ્રક્રિયા મુજબ ૧ જૂન ૨૦૨૬ના રોજ સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવશે. ઉમેદવારો ૮ જૂન સુધીમાં ઉમેદવારી નોંધાવી શકશે, જ્યારે ૯ જૂને ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન નક્કી કરવામાં આવી છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ ૧૮ જૂને સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. ત્યારબાદ એ જ દિવસે સાંજે ૫ વાગ્યાથી મતગણતરી શરૂ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૦ જૂન ૨૦૨૬ સુધી પૂર્ણ કરવામાં આવશે.

આ ચૂંટણીમાં આંધ્ર પ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરુણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમની બેઠકોનો સમાવેશ થાય છે. સૌથી વધુ ચાર બેઠકો આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાંથી ખાલી થઈ રહી છે. કર્ણાટકમાંથી પણ ચાર રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. ચૂંટણી પંચે સ્પષ્ટ સૂચના આપી છે કે મતદાન દરમિયાન માત્ર રિટર્નિંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલા ખાસ જાંબલી રંગના સ્કેચ પેનનો જ ઉપયોગ કરવામાં આવશે. અન્ય કોઈ પેનના ઉપયોગને મંજૂરી આપવામાં આવશે નહીં. સાથે જ ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે નિરીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવશે. રાજકીય રીતે આ ચૂંટણી ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે રાજ્યસભામાં સંખ્યાબળ અનેક મોટા વિધેયકો અને રાજકીય વ્યૂહરચનાઓ પર સીધી અસર કરે છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં વિવિધ રાજકીય પક્ષો ઉમેદવારોની પસંદગી અને સમર્થન એકત્રિત કરવાની પ્રક્રિયા તેજ કરી શકે છે.

### ઓડિશામાં પારો ૪૮ ડિગ્રીને પાર

# વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૭ ભારતમાં!

## દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોમાં ભીષણ ગરમીના મોજાએ (Heatwave) પકડ મજબૂત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના મોટાભાગના રાજ્યોમાં ગરમીને કારણે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શુક્રવારે બપોરે આવેલા આંકડાઓએ દુનિયાને ચોંકાવી દીધી છે. વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાં ભારતના ૯૭ શહેરો રહ્યા.

દેશના ઉત્તર, મધ્ય અને પૂર્વ ભાગોમાં ભીષણ ગરમીના મોજાએ (Heatwave) પકડ મજબૂત કરી છે, જેના કારણે બપોરે પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ પહોંચી ગયો હતો. AQI.in ના જણાવ્યા અનુસાર, ભારતીય સમય મુજબ બપોરે ૨.૫૦ વાગ્યે વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોની યાદીમાં મોટાભાગના ભારતીય શહેરો જ હતા. ઓડિશાના બાલાંગીરમાં ૪૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું.

આ ઉપરાંત બિહારના સાસારામમાં ૪૮ ડિગ્રી અને યુપીના વારાણસીમાં ૪૭ ડિગ્રી તાપમાન સાથે તે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા. ભારત સિવાય નેપાળના ત્રણ શહેરો સૌથી ગરમ રહ્યા, જેમાં ધાંગડી ૨૩મા, નેપાળગંજ ૩૪મા અને લુમ્બિની સાંસ્કૃતિક ૭૬મા સ્થાને રહ્યા. અહીં તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રીની વચ્ચે રહ્યું. ભારતના ગરમ શહેરોમાં મુઝફ્ફરનગર, અયોધ્યા, પટિયાલા, વારંગલ, હરિદ્વાર, ગ્વાલિયર, ધનબાદ, ચંદીગઢ, આગ્રા, ભરતપુર અને સિંગરૌલીનો સમાવેશ થાય છે. અહીં તાપમાન આશરે ૪૫ થી ૪૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું.

ગરમી વધવાને કારણે ગરમી સંબંધિત બીમારીઓના આશરે ૩૦૦ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. રોયટર્સના જણાવ્યા અનુસાર, આંધ્ર પ્રદેશના હેલ્થ ડિપાર્ટમેન્ટે માહિતી આપી છે કે માર્ચની શરૂઆતથી મે મહિના દરમિયાન રાજ્યમાં ગરમી સંબંધિત બીમારીઓના ૩૦૦ થી વધુ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

### પેન્ટાગન પાસે હવે માત્ર ૨૦૦ ‘થાડ’ મિસાઈલ બચી હોવાનો દાવો

# ઈઝરાયલને બચાવવામાં અમેરિકાએ યુદ્ધમાં મિસાઈલનો ૫૦% હિસ્સો ગુમાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ સૈન્ય સંઘર્ષમાં ઈઝરાયલનું રક્ષણ કરવા જતાં સુપરપાવર અમેરિકા પોતે જ મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. અમેરિકાએ પોતાની એડવાન્સ એર ડિફેન્સ મિસાઈલોનો એટલો મોટો જથ્થો વાપરી નાખ્યો છે કે હવે તેના પોતાના જ શસ્ત્રાગાર (મિલીટ્રી સ્ટોક) પર સવાલો ઉભા થવા લાગ્યા છે. પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) ના યુદ્ધમાં અમેરિકાએ ઈઝરાયલની ઢાલ બનવા માટે પોતાના સૌથી એડવાન્સ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો આડેધડ ઉપયોગ કર્યો છે. સંરક્ષણ અહેવાલો અનુસાર, આ ઓપરેશન દરમિયાન અમેરિકાએ 200 થી વધુ અદ્યતન THAAD (થાડ) ઈન્ટરસેપ્ટર મિસાઈલો દાગી દીધી છે. આ ઉપરાંત પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં તૈનાત અમેરિકન નૌસેનાના યુદ્ધજહાજો પરથી 100 થી વધુ SM-3 અને SM-6 ઈન્ટરસેપ્ટર લોન્ચ કરવામાં આવ્યા હતા.આશ્ચર્યની વાત એ છે કે, જે દેશ પર હુમલો થયો હતો તે ઈઝરાયલે પોતે પોતાના સંરક્ષણમાં આટલી મોટી સંખ્યામાં મિસાઈલો વાપરી નથી. ઈઝરાયલે પોતાની ‘એરો’ સિસ્ટમમાંથી 100 થી ઓછી અને ‘ડેવિડ્સ સ્લિંગ’ માંથી માત્ર 90 જેટલી મિસાઈલો છોડી હતી. લશ્કરી વિશ્લેષક કેલી ગ્રીકોના જણાવ્યા અનુસાર, “આ આંકડા ચોંકાવનારા છે. જાહેર પ્લેટફોર્મ પર ગમે તે દાવો કરાય, પરંતુ ઈરાનની મિસાઈલોને હવામાં તોડી પાડવાનો અડધાથી વધુ બોજ અમેરિકાએ પોતાના માથે લીધો છે અને ઈઝરાયલે પોતાનો સ્ટોક સુરક્ષિત રાખ્યો છે.”સૂત્રોના જણાવ્યા મુજબ, આ યુદ્ધમાં અમેરિકાના સંરક્ષણ મંત્રાલય ‘પેન્ટાગન’ નો લગભગ 50 ટકા મિસાઈલ સ્ટોક સાફ થઈ ગયો છે. હવે અમેરિકા પાસે માત્ર 200 જેટલી જ THAAD મિસાઈલો બચી હોવાની આશંકા છે. ચિંતાની વાત એ છે કે અમેરિકી સંરક્ષણ કંપનીઓની ઉત્પાદન ક્ષમતા એટલી ઝડપી નથી કે આ ખાલી થયેલા સ્ટોકને ટૂંક સમયમાં ફરી ભરી શકાય.અમેરિકાની આ નબળાઈના કારણે એશિયામાં તેના સાથી દેશો જાપાન અને દક્ષિણ કોરિયા ભારે ચિંતામાં મુકાયા છે. આ બંને દેશો પોતાની સુરક્ષા માટે અમેરિકાની એર ડિફેન્સ ક્ષમતા પર નિર્ભર છે. જો આગામી સમયમાં ચીન તાઈવાન પર હુમલો કરે અથવા ઉત્તર કોરિયા કોઈ નવું સૈન્ય સંકટ ઊભું કરે, તો અમેરિકા તેમને મિસાઈલ પ્રોટેક્શન પુરૂં પાડી શકશે કે કેમ તે બાબતે મોટો સસ્પેન્સ સર્જાયો છે.અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે જો રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન વિરુદ્ધ ફરી કોઈ મોટી સૈન્ય કાર્યવાહી કે જવાબી હુમલો શરૂ કરશે, તો અમેરિકાના મિસાઈલ સ્ટોક પર અસહ્ય દબાણ આવશે. જો કે, આ વિવાદ વચ્ચે પેન્ટાગનના પ્રવક્તા શૉન પાર્નેલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, મિસાઈલ ઈન્ટરસેપ્ટર એ સમગ્ર સંરક્ષણ પ્રણાલીનો એક ભાગ માત્ર છે. અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત અને સંતુલિત રીતે આ યુદ્ધનો બોજ ઉઠાવ્યો છે અને અમેરિકા પોતાની સુરક્ષા કરવા માટે સક્ષમ છે.

### કરોડો યુનિટ વીજળી બચશે

# ચીને સમુદ્રની અંદર ૨,૦૦૦ સર્વર્સ સાથે એઆઈ ડેટા સેન્ટર બનાવ્યું

## સામાન્ય રીતે પરંપરાગત ડેટા સેન્ટરમાં લગભગ ૪૦ થી ૫૦ ટકા વીજળી માત્ર સર્વર્સને ઠંડા રાખવા માટે વપરાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ



ચીને આટફિશિયલ ઈન્ટેલિજન્સ માટે વધતી ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા દુનિયાનું પહેલું અંડરવોટર એઆઈ ડેટા સેન્ટર શરૂ કર્યું છે. શાંઘાઈના લિંગાંગ સ્પેશિયલ એરિયા નજીક સમુદ્રમાં બનાવવામાં આવેલું આ ડેટા સેન્ટર પવન ઉર્જા અને સમુદ્રના ઠંડા પાણીનો ઉપયોગ કરીને સર્વર્સ ચલાવે છે. આ પ્રોજેક્ટમાં લગભગ ૨૦૦૦ સર્વર્સ પ્રેશર-રેઝિસ્ટન્ટ અંડરવોટર મોડયુલ્સમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. જેને એઆઈ મોડલ ટ્રેનિંગ, બિગ ડેટા પ્રોસેસિંગ અને ચીનના સ્થાનિક લાર્જ લેંગ્વેજ મોડલ્સ માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટની કુલ ક્ષમતા ૨૪ મેગાવોટ સુધી પહોંચશે. આ ડેટા સેન્ટરની સૌથી મોટી વિશેષતા તેનું કૂલિંગ સિસ્ટમ છે.સામાન્ય રીતે પરંપરાગત ડેટા સેન્ટરમાં લગભગ ૪૦ થી ૫૦ ટકા વીજળી માત્ર સર્વર્સને ઠંડા રાખવા માટે વપરાય છે. પરંતુ અહીં સમુદ્રનું કુદરતી ઠંડુ પાણી સર્વર્સને ઠંડા રાખે છે, જેના કારણે કૂલિંગ માટેની ઊર્જા જરૂરિયાત ૧૦ ટકા કરતાં પણ ઓછી થઈ જાય છે. આ અંડરવોટર સિસ્ટમનો પાવર યુઝેજ ઈફેક્ટીવનેસ(પીયુઈ) લગભગ ૧.૧૫ છે. જે તેને વિશ્વના સૌથી ઊર્જા-કાર્યક્ષમ મોટા ડેટા સેન્ટર્સમાં સ્થાન આપે છે.ઉલ્લેખનીય છે કે, જેટલો પીયુઈ ઓછો હોય તેટલી ઊર્જાનો વધુ ભાગ સીધો કમ્પ્યુટિંગ માટે વપરાય છે અને ઓછો ભાગ કૂલિંગ તથા અન્ય સપોર્ટ સિસ્ટમ્સ માટે જાય છે. આ સુવિધા સમુદ્ર સપાટીથી અંદાજે ૧૦ થી ૩૫ મીટર નીચે સ્થાપિત કરવામાં આવી છે. તેને નજીકના ઓફશોર પવન ઊર્જા પ્લાન્ટ સાથે સીધી રીતે જોડવામાં આવી છે.આ પ્રોજેક્ટની ૯૫ ટકા કરતાં વધુ વીજળી રિન્યૂએબલ એનર્જીમાંથી આવે છે. આ પ્રોજેક્ટ દર વર્ષે અંદાજે ૬.૧ કરોડ કિલોવોટ-કલાક વીજળી બચાવી શકે છે. જમીનનો ઓછો ઉપયોગ, પાણીની બચત અને ઓછી કાર્બન ઉત્સર્જનને કારણે તેને ભવિષ્યના ગ્રીન એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે જોવામાં આવી રહ્યું છે.

# ઉત્તરાખંડના નૈનીતાલમાં કાર ખીણમાં ખાબકતાં પનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નૈનીતાલ

ઉત્તરાખંડના ભોવાલી વિસ્તારમાં એક કાર ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકતાં લખનૌના એક જ પરિવારના ચાર સભ્યો સહિત પાંચ શ્રદ્ધાળુઓના મોત નીપજ્યા છે, તેમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ની ટીમોએ સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી શરૂ કરી હતી. જો કે, કારમાં સવાર કોઈપણ વ્યક્તિ જીવતો બચી શક્યો ન હતો, તેમ તેમણે જણાવ્યું હતું. આ પરિવાર સેનેટોરિયમ-રતિઘાટ બાયપાસ રોડ થઈને કૈંચી ધામ જઈ રહ્યો હતો, ત્યારે ધૈલા ગામ નજીક વાહન પરથી નિયંત્રણ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો.વરિષ્ઠ પોલીસ અધિક્ષક મંજુનાથ ટીસીએ જણાવ્યું કે બચાવ ટીમોને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી, પરંતુ દુર્ગમ વિસ્તારને કારણે બચાવ કામગીરી અત્યંત પડકારજનક બની હતી.




# બ્રિટન આવતા ભારતીયોમાં ૪૭ ટકાનો ઘટાડો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા પછી હવે બ્રિટનમાં પણ વિદેશી નાગરિકો અને ખાસ કરીને ભારતીયોમાં એક અવળો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. એક તરફ ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકા અને બ્રિટનમાં સ્ટુડન્ટ વિઝા પર જવાનું પ્રમાણ ઓછું કર્યું છે, તો બીજી તરફ માત્ર એક જ વર્ષમાં ૭૫ હજાર ભારતીયોએ બ્રિટન છોડી દીધું છે. બ્રિટનના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ, સરકારની આકરી વિઝા નીતિના કારણે દેશ છોડનારા વિદેશીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે.સરકારી રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧,૭૦,૦૦૦ વિદેશી નાગરિકોએ બ્રિટન છોડવાનું પસંદ કર્યું હતું, જેમાં સૌથી મોટી સંખ્યા ભારતીયોની છે. એક જ વર્ષના ગાળામાં સ્ટુડન્ટ વિઝા પર યુકે આવેલા ૫૧,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓએ બ્રિટન છોડીને સ્વદેશ પરત ફરવાનું કે અન્ય દેશમાં જવાનું મુનાસિબ માન્યું હતું.રોજગાર (વર્ક વિઝા) માટે ગયેલા ભારતીયોમાંથી ૨૧,૦૦૦ લોકોએ બ્રિટનને અલવિદા કહી દીધું છે. આ સિવાય જુદા જુદા કારણોસર યુકેમાં સ્થાયી થયેલા અન્ય ૩,૦૦૦ ભારતીયો મળીને કુલ ૭૫,૦૦૦ લોકોએ બ્રિટન છોડી દીધું છે. બ્રિટન છોડવાની આ યાદીમાં ભારત પછી ૪૬ હજાર નાગરિકો સાથે ચીન બીજા ક્રમે, જ્યારે ૧૯ હજાર નાગરિકો સાથે પાકિસ્તાન અને નાઈજીરિયા ત્રીજા ક્રમે છે.સરકારી આંકડાઓમાં એક ચોંકાવનારો ઘટસ્ફોટ એ પણ થયો છે કે, છેલ્લાં વર્ષોમાં વર્ક રિલેટેડ (કામકાજ આધારિત) વિઝા પર બ્રિટન આવતા ભારતીયોની સંખ્યામાં ૪૭ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.




# તંત્રી લેખ......

## દુનિયા પર મંડરાઈ રહ્યો છે મોટો આર્થિક ખતરો

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલું યુદ્ધ ક્યારે પૂરું થશે? આ સવાલનો જવાબ કોઈ પાસે નથી, પરંતુ તેનાથી પણ વધુ ચિંતાજનક સવાલ એ છે કે, જો આ યુદ્ધ આજે જ પૂરું થઈ જાય, તો દુનિયાને પહેલાંની જેમ સામાન્ય અને સસ્તું ઓઈલ-ગેસ ક્યારે મળશે? વૈશ્વિક ઊર્જા નિષ્ણાતો અને ઉદ્યોગ જગતના ટોચના વડાઓનું કહેવું છે કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલું સંકટ એટલું ગંભીર છે કે તણાવ તાત્કાલિક બંધ થાય તો પણ વૈશ્વિક ઓઈલ અને ગેસનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય થવામાં ૨૦૨૭ના પહેલા કે બીજા ક્વાર્ટર (ત્રિમાસિક ગાળા) સુધીનો લાંબો સમય લાગી શકે છે. આ લાંબી કટોકટી આગામી વર્ષોમાં વૈશ્વિક અર્થતંત્રને મોટો ઝટકો આપશે.


સંયુક્ત આરબ અમીરાત(UAE)ની સરકારી ઓઈલ કંપની 'ADNOC'ના સીઈઓ સુલતાન અલ જાબેરે એટલાન્ટિક કાઉન્સિલના એક કાર્યક્રમમાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આ સંઘર્ષ કાલે જ સમાપ્ત થઈ જાય તો પણ, યુદ્ધ પહેલાના માત્ર ૮૦% ઓઈલ પુરવઠાને પાછો લાવવામાં જ ઓછામાં ઓછા ૪ મહિનાનો સમય લાગશે. જ્યારે ૧૦૦% સંપૂર્ણ સપ્લાય ચેઈનને પુનઃસ્થાપિત કરવામાં ૨૦૨૭ના મધ્ય સુધીનો સમય લાગી જશે. આ વાતને સમર્થન આપતાં સાઉદી અરેબિયાની પ્રખ્યાત ઓઈલ કંપની અરામકોના વડા અમીન નાસેરે પણ જણાવ્યું છે કે, જો આ પરિસ્થિતિ જૂનના મધ્ય સુધી ચાલુ રહેશે, તો વૈશ્વિક ઓઈલ બજાર ૨૦૨૭ પહેલાં સંપૂર્ણપણે સ્થિર કે સામાન્ય થઈ શકશે નહીં. યુદ્ધ વિરામ થયા પછી પણ ઈરાન દ્વારા આ જળમાર્ગમાં બિછાવેલી દરિયાઈ સુરંગો(Sea Mines)ને શોધીને સંપૂર્ણપણે દૂર કરવામાં મહિનાઓનો સમય નીકળી જશે. જ્યાં સુધી આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ રસ્તો જહાજોની અવરજવર માટે ૧૦૦% સલામત ન બને, ત્યાં સુધી ઓઈલ અને ગેસના મોટા કન્ટેનર્સ વહન કરી શકાશે નહીં, જે પુરવઠો સામાન્ય થવામાં વિલંબનું એક મુખ્ય કારણ બનશે. હોર્મુઝ જળમાર્ગ એ વિશ્વનો સૌથી મહત્ત્વપૂર્ણ એનર્જી કોરિડોર છે, જ્યાંથી દુનિયાના કુલ ઓઈલ પુરવઠાનો લગભગ ૧/૫ (પાંચમો) ભાગ પસાર થાય છે. પરંતુ ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. આ લાંબા સમયગાળાની કટોકટીથી બચવા માટે, UAE એ હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરતી એક નવી વેસ્ટ-ઈસ્ટ ક્રૂડ ઓઈલ પાઈપલાઈન પ્રોજેક્ટ પરનું કામ ઝડપી બનાવ્યું છે. હાલ આ પ્રોજેક્ટનું કામ ૫૦% જેટલું પૂર્ણ થઈ ગયું છે. અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સે આદેશ આપ્યો છે કે ૨૦૨૭ સુધીમાં ફુજૈરાહ બંદર દ્વારા ઓઈલ નિકાસ કરવાની ક્ષમતાને બમણી કરવામાં આવે, જેથી હોર્મુઝ માર્ગ બંધ હોય તો પણ નિકાસ ચાલુ રાખી શકાય. હાલમાં કાર્યરત અબુ ધાબી ક્રૂડ ઓઈલ પાઈપલાઈન (ADCOP) રોજનું ૧.૮ મિલિયન બેરલ ઓઈલ વહન કરીને થોડી રાહત આપી રહી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૬૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૩૦૮૨ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૫૧ તેજ

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૬૨૦.૨૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૦૭૦૬.૯૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૩૮૯.૭૨ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૧૩૩૨૭.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૬૨૦.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૦૭૦૬.૯૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૩૯.૮૯ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૩૮૯.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૪૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૪૯૮ અને નીચામાં રૂ.૧૫૮૮૧૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૬૦૬ના આગલા બંધ સામે રૂ.૬૨૬ ઘટી રૂ.૧૫૮૯૮૦ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૨૩ ઘટી રૂ.૧૨૭૪૫૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૪ ઘટી રૂ.૧૫૯૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૫ ઘટી રૂ.૧૫૮૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૬૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૦૫૧ અને નીચામાં રૂ.૧૫૮૨૮૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૦૬૬ના આગલા બંધ સામે રૂ.૫૧૩ ઘટી રૂ.૧૫૮૫૫૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૩૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૫૨૨૫ અને નીચામાં રૂ.૨૭૧૫૬૬ના મથાળે અથડાઈ, રૂ.૨૭૪૮૮૩ના આગલા બંધ સામે રૂ.૩૦૮૨ ઘટી રૂ.૨૭૧૮૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૨૩૯૨ ઘટી રૂ.૨૭૬૧૯૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૨૪૬૨ ઘટી રૂ.૨૭૬૧૩૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૮૦.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૯૫ ઘટી રૂ.૧૩૪૦.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૩૬૯.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો ૬૫ પૈસા વધી રૂ.૩૮૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૦૩.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૩૭૭.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૭૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૮૦૭ અને નીચામાં રૂ.૪૭૧૨ના સ્તરને સ્પર્શી, રૂ.૨૬ વધી રૂ.૪૭૯૮ થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૯૪૧૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૫૫ અને નીચામાં રૂ.૯૩૩૦ના મથાળે અથડાઈ, રૂ.૯૩૪૨ના આગલા બંધ સામે રૂ.૫૧ વધી રૂ.૯૩૯૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૫૪ વધી રૂ.૯૩૯૩ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૨૮૭.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૨.૮ ઘટી રૂ.૨૮૭.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૬ના ભાવે ખૂલી, રૂ.૨.૫ ઘટી રૂ.૯૮૧ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૨ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૭૨૨ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૫૮૩.૭૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૮૦૬.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૮૬૮.૧૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૨.૮૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૮૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૯૨.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૫.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૨૯.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૨૩.૪૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૦૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૨૭ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૮૨૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૫૬૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૬૨૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૫૭૮૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૬૨૪૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૨૫૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૫૫૯૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૦૫૩૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૭૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૭૨૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૩૭૫૯ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૭૦૯.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ ઘટી રૂ.૧.૧ના ભાવે બોલાયો હતો.




સોનું મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૨.૫ ઘટી રૂ.૯૧૮ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૪૨.૫ ઘટી રૂ.૧૭૪૫ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૨૪ ઘટી રૂ.૧.૨૫ થયો હતો. જસત મે રૂ.૪૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા ઘટી રૂ.૦.૦૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૯ વધી રૂ.૭૧૮.૬૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ ઘટી રૂ.૧.૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૩.૫ ઘટી રૂ.૯૭૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૬.૫ ઘટી રૂ.૩૦૯ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨ વધી રૂ.૨૩૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૧.૬ થયો હતો. સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪ ઘટી રૂ.૨૬૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨ ઘટી રૂ.૨૧૭.૫ થયો હતો. તાંબું મે રૂ.૧૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૮ ઘટી રૂ.૪.૩૨ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૦.૦૫ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૯૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૮ વધી રૂ.૮૧૩.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૧.૭ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯ ઘટી રૂ.૪૨૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૫૮.૫ ઘટી રૂ.૧૫૮૮ થયો હતો.

### સુરતમાં કરોડોનું બેંકિંગ કૌભાંડ પકડાયું

## ૨.૯૫ કરોડની છેતરપિંડી આચરવાનું મોટું કૌભાંડ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં આર્થિક ગુના આચરતી ટોળકીઓ હવે બેંકિંગ ક્ષેત્રની ખામીઓનો લાભ લઈને નવા-નવા કીમિયા અજમાવી રહી છે. સુરત શહેર ઈકો સેલ પોલીસે એક એવી જ શાતિર ગેંગના મુખ્ય સાગરીતને દબોચી લીધો છે, જેણે બોગસ NRI એકાઉન્ટ્સ ઉભા કરીને કરોડો રૂપિયાની હેરાફેરી કરી લીધી હતી. પોલીસે આ મામલે સઘન તપાસ કરીને અઝમતસાહીદ ઈમ્તિયાઝ શેખ નામના આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ સમગ્ર કૌભાંડ મ્યુલ એકાઉન્ટ (Mule Account - અન્ય વ્યક્તિના નામે ખોલાવેલું ગેરકાયદેસર ખાતું) ના આધારે આચરવામાં આવ્યું હતું. આરોપી અઝમતસાહીદ શેખે સુરત અને આસપાસના વિસ્તારના નિર્દોષ જમીન માલિકોને વિશ્વાસમાં લઈને અથવા તેમના ઓળખપત્રો મેળવીને યસ બેંકની અંકલેશ્વર શાખામાં બોગસ NRI એકાઉન્ટ્સ ખોલાવી દીધા હતા. આ ખાતાઓનો ઉપયોગ કાળું નાણું ફેરવવા અને છેતરપિંડીના પૈસા ટ્રાન્સફર કરવા માટે થતો હતો.

આ કૌભાંડ ત્યારે સામે આવ્યું જ્યારે ફરિયાદીના નામે ઈસ્યુ થયેલા ૪.૮૧ કરોડથી વધુની રકમના ચેક આ બોગસ ખાતાઓમાં જમા કરાવી દેવામાં આવ્યા હતા. આરોપી અઝમતસાહીદ અને તેની ટોળકીએ આ કુલ રકમમાંથી ૨.૯૫ કરોડ જેટલી માતબર રકમ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન અને ઉપાડ દ્વારા બારોબાર સેરવી લીધી હતી અને ફરિયાદી સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરી હતી.

ફરિયાદ મળતા જ સુરત ઈકો પોલીસે બેંક સ્ટેટમેન્ટ્સ અને કેવાયસી (KYC) દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી, જેમાં તમામ કડીઓ અઝમતસાહીદ શેખ તરફ જતી હોવાનું ખુલ્યું હતું. પોલીસે તેને ઝડપી પાડીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

આ ફોડમાં બેંકના કોઈ કર્મચારીની સંડોવણી છે કે કેમ, તેમજ આ રીતે બીજા કેટલા ખાતા ખોલવામાં આવ્યા છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજ્ય સરકારની ૬૫ ટકા સેવાઓ ડિજિલોકર સાથે જોડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્ય સરકારે રાજ્યની ૬૫ ટકા સેવાઓને ડિજિલોકર સાથે જોડીને ડિજિટલ ગવર્નન્સને વધુ સરળ, ઝડપી અને નાગરિક કેન્દ્રિત બનાવ્યું છે.જેના પરિણામે રાજ્યના ૧.૯૨ કરોડથી વધુ નાગરિકો સુધી ડિજિટલ સેવાઓ અત્યંત સરળતાથી પહોંચી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વિજ્ઞાન તથા પ્રોદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ ગુજરાતે આ ક્ષેત્રે અસાધારણ પ્રગતિ કરી છે. આ ઉપરાંત બસ પરિવહન ક્ષેત્રે ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપયોગની નવીનતા માટે પણ ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે પુરસ્કૃત કરાયું છે.ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી- DST અનુસાર, રાજ્યમાં હવે ડિજિટલ દિવ્યાંગતા પ્રમાણપત્રો પણ ડિજિલોકર પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેને બતાવીને દિવ્યાંગ નાગરિકો સરળતાથી નિઃશુલ્ક સરકારી પરિવહનનો લાભ મેળવી શકે છે. વડાપ્રધાન મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' અને 'વિશ્વસનીય ડિજિટલ ગવર્નન્સ'ના વિઝનને કેન્દ્રસ્થાને રાખીને દેશભરમાં નાગરિક સેવાઓને સીમલેસ બનાવવા માટે નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન -ઢ્રીષ્ઢ સતત કાર્યરત છે. ડિજિલોકર એ વડાપ્રધાન મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' કાર્યક્રમ અંતર્ગત ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય-MeitYની એક પહેલ છે. જેનો ઉદ્દેશ્ય નાગરિકોના ડિજિટલ દસ્તાવેજ વોલેટમાં મૂળ દસ્તાવેજોની પહોંચ આપીને તેમનું ડિજિટલ સશક્તીકરણ કરવાનો છે.ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ડિજિલોકર સુરક્ષિત, અધિકૃત દસ્તાવેજોનું કોઈ પણ સ્થાન અને સમયે ઉપલબ્ધતાના પેપરલેસ સોલ્યુશન તરીકે કાર્ય કરે છે.આઈ.ટી નિયમ-૨૦૧૬ અંતર્ગત ડિજિલોકરમાં રાખવામાં આવેલા દરેક દસ્તાવેજ તેના મૂળ દસ્તાવેજ સમાન કાયદાકીય ખરાઈ ધરાવે છે. ડિજિલોકર ડ્રાઈવીંગ લાયસન્સથી લઈને શૈક્ષણિક દસ્તાવેજો સુધીની વિશ્વસનીય ઉપલબ્ધતાને સુગમ રીતે સુનિશ્ચિત કરે છે. સરકારી કચેરીઓમાં રૂબરૂ જઈને અસલ દસ્તાવેજોની ભૌતિક ચકાસણી કરાવવાની જરૂરિયાતો ઘટતા સામાન્ય લોકો માટે 'Ease of Living' માં નોંધપાત્ર સુધારો થયો છે.આ સિસ્ટમ પેપરલેસ ગવર્નન્સના ખ્યાલ પર કાર્ય કરે છે. ડિજિલોકર દ્વારા ઉપલબ્ધ દસ્તાવેજો ઈસ્યુઅર પાસેથી રીઅલ-ટાઈમમાં મળતા હોવાથી તે સંપૂર્ણપણે વિશ્વસનીય હોય છે. તે નાગરિકની સંમતિથી દસ્તાવેજ ઈસ્યુઅર અને તેની ચકાસણી કરનાર વચ્ચે પેમેન્ટ ગેટવેની જેમ એક સુરક્ષિત દસ્તાવેજ વિનિમય પ્લેટફોર્મ તરીકે કામ કરે છે, જે રીઅલ-ટાઈમ વેરિફિકેશન મોડ્યુલ દ્વારા ડેટાની ત્વરિત અને સુરક્ષિત ચકાસણી સુનિશ્ચિત કરે છે.

### મકરબા બ્રિજનું કામ અંતિમ તબક્કામા: બ્રિજ પર ૧૨ સ્ટીલ ગર્ડર ગોઠવવાનું કામ પૂરું, ૧ લાખથી વધુ લોકોને મળશે મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં હાલમાં મકરબા બ્રિજની કામગીરી ચાલી રહી છે, જેમાં તા. ૧૮ મે ૨૦૨૬ના રોજ રેલવે વિભાગ દ્વારા રેલવે ટ્રાફિક બ્લોક આપવામાં આવ્યો હતો. આ દરમિયાન AMC દ્વારા કુલ ૧૨ સ્ટીલ કોમ્પોઝિટ ગર્ડર લોન્ચિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જેના કારણે હવે નાગરિકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. AMCના ઈજનેર વિભાગ દ્વારા રેલવે વિભાગ સાથે સંકલન કરીને આ કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવી છે. આ બ્રિજ પર ગર્ડર લોન્ચિંગ પૂર્ણ થવાથી હવે આગામી તબક્કાની કામગીરી પણ સરળ બનશે. ખાસ કરીને પશ્ચિમ અમદાવાદના મકરબા, વેજલપુર કોર્પોરેટ રોડ અને એસ.જી. હાઈવે વિસ્તાર વચ્ચેની કનેક્ટિવિટીમાં ઘણો ફાયદો થશે. આ બ્રિજ પૂર્ણ થયા બાદ એસ.જી. હાઈવે તેમજ વેજલપુર કોર્પોરેટ રોડ પર રોજિંદા ટ્રાફિક સમસ્યામાં રાહત મળશે અને વાહનચાલકોને વધુ સરળ તથા ઝડપી અવરજવરનો લાભ મળશે. અંદાજિત એક લાખથી વધુ નાગરિકોને આ પ્રોજેક્ટનો સીધો લાભ મળશે. હાલમાં રેલવે ફાટક પર લાંબા સમય સુધી વાહનો સાથે રાહ જોવી પડતી હોવાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી, પરંતુ બ્રિજ કાર્યરત બન્યા બાદ આ સમસ્યામાં ઘટાડો થવાની શક્યતા છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ચુંટણી સમયે ગુજરાત પોલીસે ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યુ ? ડીજીપી પાસે પહોચ્યો કોંગ્રેસનો કાફલો

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણી બાદ રાજયમાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે રાજય પોલીસવડા સમક્ષ રજુઆત કરીને પોલીસતંત્ર અને ભાજપ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે ચુંટણી દરમિયાન તેમજ પરીણામો બાદ કેટલાક જિલ્લાઓમાં પોલીસ વિભાગે નિષ્પક્ષ કામગીરી કરવાની જગ્યાએ ભાજપના કાર્યકર્તાઓની જેમ વર્તન કર્યુ છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં ગયેલા પ્રતિનિધિ મંડળે જણાવ્યુ હતુ કે, જયાં કોંગ્રેસને તાલુકા અને જિલ્લા પંચાયતોમાં બહુમતી મળી છે ત્યાં કોંગ્રેસના ચુંટાયેલા પ્રતિનિધિઓને ડરાવવા, ધમકાવવા અને ભાજપને સમર્થન આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યુ છે. કોંગ્રેસે ખાસ કરીને દ્વારકા, તાપી, આણંદ અને બનાસકાંઠા જિલ્લાઓના ઉલ્લેખ સાથે અનેક પ્રતિનિધિઓને માનસિક અને રાજકીય દબાણનો સામનો કરવો પડી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યુ હતુ કે આજે તારીખ ૨૩ અને ૨૫ મી તારીખે તાલુકા અને જિલ્લા પંચાયતોની સામાન્ય સભાઓ યોજાવવાની છે. તે અગાઉ કોંગ્રેસના સભ્યોને પોતાની રાજકીય વફાદારી બદલવા માટે દબાણ કરવામાં આવી રહ્યુ છે. કેટલાક સ્થળોએ પોલીસતાંત્રનો ઉપયોગ કરીને કોંગ્રેસના સભ્યોમાં ભયનુ વાતાવરણ ઉભુ કરવામાં આવી રહ્યુ હોવાનુ પણ રજુઆતમાં જણાવ્યુ હતું. અમિત ચાવડાએ મીડીયા સાથેની વાતચીત દરમિયાન કહ્યુ હતુ કે લોકશાહી પધ્ધતિથી ચુંટાયેલા પ્રતિનિધિઓને રાજકીય રીતે પ્રભાવિત કરવા માટે તંત્રનો ઉપયોગ થવો ખુબ જ ગંભીર



બાબત છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વડોદરાના આશિષ જોશી વિરૂધ્ધ ખોટો કેસ નોંધવામાં આવ્યો છે અને વિરોધીઓનો અવાજ દબાવવા માટે કાયદાકીય દબાણ લાવવામાં આવી રહ્યુ છે. કોંગ્રેસે રાજય પોલીસવડાને માંગ કરી છે કે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જો કોઈ અધિકારી રાજકીય દબાણ હેઠળ કામ કરતો હોય તો તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. પાર્ટીએ જણાવ્યુ હતુ કે પોલીસતંત્રએ કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવવી જોઈએ, કોઈ રાજકીય પક્ષના હિતમાં કાર્ય કરવુ નહી, કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે વધુમાં ચેતવણી આપી હતી કે જો કોંગ્રેસના ચુંટાયેલા સભ્યોને ડરાવવાની અને દબાણમાં લેવાની પ્રવૃત્તિ ચાલુ રહેશે તો પાર્ટી આગામી દિવસોમાં રાજયવ્યાપી આંદોલન શરૂ કરે. રાજયના રાજકીય વર્તુળોમાં આ રજુઆત બાદ નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૨/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૩૦૫ | ૪૪૫.૦૦ | ૫૬૫.૦૦ |
| ૨ | મગફળી | ૩૧૫ | ૧,૪૦૦.૦૦ | ૧,૯૯૬.૦૦ |
| ૩ | એરંડા | ૫૩ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૧૯.૦૦ |
| ૪ | બાજરી | ૩૩૯ | ૪૫૧.૦૦ | ૫૨૪.૦૦ |
| ૫ | મકાઇ | ૧૮૩ | ૪૨૫.૦૦ | ૫૫૬.૦૦ |
| ૬ | જુવાર | ૮ | ૫૦૦.૦૦ | ૮૮૫.૦૦ |
| ૭ | ચણા | ૭૨ | ૯૫૦.૦૦ | ૧,૧૧૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૨૭ | ૧,૩૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૯ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# રાજયની સરકારી યુનિર્વસિટીઓ અને વિદ્યાર્થીઓના હિતમાં જીકાસ રજીસ્ટ્રેશનની મુદત લંબાવવા તેમજ યુનિર્વસિટીઓએ ઉભા કરેલા કોલેજ જોડાણના પ્રશ્નોનો ઉકેલ લાવવા ધારાસભ્ય કિરીટ પટેલે શિક્ષણમંત્રીને કરી રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની સરકારી યુનિર્વસિટીઓ અને વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં જીકાસ રજીસ્ટ્રેશનની મુદત લંબાવવા તથા યુનિર્વસિટી ઓ એ કરેલા કોલેજ જોડાણના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે શિક્ષણમંત્રીને પત્ર લખી રજુઆત કરી છે.

ડો.પ્રદ્યુમન ગનુભાઈ વાજા,
માન.શિક્ષણમંત્રીશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા,
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ,
ગુજરાત રાજય, ગાંધીનગર



વિષયઃ રાજયની સરકારી યુનિર્વસિટીઓ અને વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં જીકાસ રજીસ્ટ્રેશનની મુદત લંબાવવા તથા યુનિર્વસિટીઓએ ઉભા કરેલા કોલેજ જોડાણના પ્રશ્નોના ઉકેલ બાબત.

આદરણીયશ્રી,

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે રાજયના લાખો પ્રવેશોત્સુક વિદ્યાર્થીઓ, વાલીઓ અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓના અસ્તિત્વ સાથે જોડાયેલા કેટલાક અત્યંત ગંભીર અને સંવેદનશીલ મુદ્દાઓ તરફ આપનુ ધ્યાન દોરી તાકીદના હસ્તક્ષેપની માંગણી કરૂ છું.

રાજયની યુનિર્વસિટીઓમાં અંડર ગ્રેજયુએટ (યુજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સરકાર દ્વારા જીકાસ (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ અમલમાં મુકવામાં આવ્યુ છે. આ વરસે રજીસ્ટ્રેશનની અંતિમ મુદત ખુબ જ નજીક છે, મળતી માહિતી મુજબ રાજયની સરકારી સહિત કુલ ૩૭ યુનિર્વસિટીઓની અંદાજે ૬ લાખ જેટલી બેઠકો સામે માત્ર ૧.૪૧ લાખ જેટલા જ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. જે કુલ બેઠકોના માંડ ૨૩ ટકા જેટલુ જ છે. આ ચિંતાજનક પરિસ્થિતિ પાછળ પોર્ટલની ખામીઓ ઉપરાંત વહિવટી અને વ્યવહારીક ક્ષતિઓ જવાબદાર છે. જે નીચે મુજબ છે.

હજુ પણ રાજયની ઘણી શાળાઓ તરફથી વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ ની ઓરીજનલ માર્કશીટ કે લીવીંગ સર્ટીફીકેટ આપવામાં આવ્યા નથી, આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં છે કે તેઓ સમયસર રજીસ્ટ્રેશન કઈ રીતે કરાવી શકે ?

કેટલીક સરકારી યુનિર્વસિટીઓની વહિવટી ક્ષમતાના અભાવે અથવા તો સત્તાધીશો દ્વારા પોતાના અહમ સંતોષવા માટે નવા નવા વહિવટી પ્રશ્નો ઉભા કરવામાં આવી રહ્યા છે. જે કોલેજોમાં સરકારે અગાઉના વરસોમાં મંજુરી આપીને પ્રવેશો આપ્યા છે. તે જ કોલેજોને આ વરસે સૈધ્ધાંતિક મંજુરી નથી, તેવા વહિવટી કારણોસર પ્રવેશ પ્રક્રિયાથી દુર રાખવાની ચર્ચાઓ ચાલી રહી છે. જો આ કોલેજો નિયમોનુસાર જોડાણને પાત્ર ન હતી તો અગાઉ સરકારે જ જીકાસ મારફતે પ્રવેશ આપેલા તે કેવી રીતે આપ્યા ? આવુ કરવાથી સરકારી સંસ્થાઓ અને કોલેજોને મોટુ નુકશાન થશે અને સીધો ફાયદો ખાનગી (પ્રાઈવેટ) યુનિર્વસિટીઓને થશે, શું આવુ ઈરાદાપૂર્વક કરવામાં આવે છે કે પછી વહિવટી સમાજનો અભાવ ?

સરકાર જયારે સમગ્ર રાજય માટે કોમન પ્રવેશ પ્રક્રિયા કરતી હોય ત્યારે તમામ પ્રાઈવેટ યુનિર્વસિટીઓને પણ ફરજીયાત પણે આજ પ્રક્રિયા અને પોર્ટલ હેઠળ જોડવી જોઈએ તેવી સતત માંગ રહી છે. જો ખાનગી યુનિર્વસિટીઓ મુકત રીતે પ્રવેશ આપતી રહેશે અને સરકારી કોલેજો જ નિયમોના પાસમાં બંધાયેલી રહેશે તો આ કોમન એડમીશન પ્રક્રિયાનો મુળ હેતુ જ મરી જશે.

ધારાસભ્ય દ્વારા કેટલીક માંગણીઓ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને શાળામાંથી માર્કશીટ મળવામાં થઈ રહેલા વિલંબને ધ્યાને લઈ રજીસ્ટ્રેશનની મુદતમાં ઓછાઓમાં ઓછો ૧૫ થી ૨૦ દિવસનો વધારો કરવામાં આવે, જીકાસની સાથે સાથે જયાં પ્રવેશ લેનારની સંખ્યા ૫૦ ટકા કરતા ઓછી છે ત્યાં મેરીટ આધારે પ્રવેશ આપવા, કોલેજોને મંજુરી આપવી, અગાઉથી ચાલતી સરકારી કે ગ્રાન્ટેડ કોલેજોને સૈધ્ધાંતિક મંજુરીના બહાને પ્રવેશ પ્રક્રિયાથી વંચિત રાખીને ખાનગી સંસ્થાઓને ફાયદો કરાવવાની નીતિ તાકીદે બંધ કરવામાં આવે, યુનિર્વસિટીઓમાં વહિવટી અહમના કારણે ઉભા થતા રોજબરોજના પ્રશ્નો અટકાવવા માટે સરકાર દ્વારા એક મજબુત કોમન વહિવટી નીતી બનાવવામાં આવે, નેશનલ એજયુકેશન પોલીસી-૨૦૨૦ ની મુળભુત જોગવાઈઓ અને જીકાસ પોર્ટલ વચ્ચેનો વિરોધાભાસ દુર કરવામાં આવે.

- ડો.કિરીટ સી પટેલ, ધારાસભ્ય, પાટણ

# ભાવનગર મંડળની ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનો હવે નિયમિત રીતે દોડશે

યાત્રિયોની સુવિધા, તેમની વધતી માંગ અને ટ્રેનોને મળી રહેલા ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળની ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોને હવે જૂન, ૨૦૨૬થી નિયમિત ટ્રેનો તરીકે ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન અને પ્રયાસોથી શક્ય બન્યો છે.

આ અંગે માહિતી આપતાં વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આ ટ્રેનોના નિયમિત સંચાલનથી યાત્રિયોને પૂર્વ આયોજનમાં સરળતા મળશે તેમજ ભાડામાં ઘટાડાના કારણે સસ્તી મુસાફરીનો લાભ મળશે. ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૨૯/૦૯૫૩૦ ધોળા–ભાવનગર ટર્મિનસ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર ૫૯૨૩૯/૫૯૨૪૦ ધોળા–ભાવનગર દૈનિક પેસેન્જર તરીકે દોડશે. ટ્રેન નંબર ૫૯૨૩૯ ધોળા–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર ધોળા સ્ટેશનથી ૧૧.૩૦ વાગ્યે પ્રસ્થાન કરી ૧૨.૫૦ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર ૫૯૨૪૦ ભાવનગર ટર્મિનસ–ધોળા દૈનિક પેસેન્જર ભાવનગર ટર્મિનસથી ૧૩.૧૫ વાગ્યે પ્રસ્થાન કરી ૧૪.૩૫ વાગ્યે ધોળા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં સણોસરા, બજુડ, સોનગઢ, સિહોર (ગુજરાત), ખોડિયાર મંદિર, વરતેજ અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે. આ બંને ટ્રેનો માટે આ ફેરફાર ૦૧ જૂન ૨૦૨૬થી અમલમાં આવશે.

ટ્રેન નંબર ૦૯૨૧૫/૦૯૨૧૬ ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર ૫૯૨૩૧/૫૯૨૩૨ ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર તરીકે ચાલશે. ટ્રેન નંબર ૫૯૨૩૧ ગાંધીગ્રામ–ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જર ગાંધીગ્રામથી ૦૬.૩૫ વાગ્યે પ્રસ્થાન કરી ૧૧.૨૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ફેરફાર ૦૨.૦૬.૨૦૨૬થી અમલમાં આવશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર ૫૯૨૩૨ ભાવનગર ટર્મિનસ–ગાંધીગ્રામ દૈનિક પેસેન્જર ભાવનગર ટર્મિનસથી ૧૭.૦૦ વાગ્યે પ્રસ્થાન કરી ૨૧.૫૫ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. આ ફેરફાર ૦૧.૦૬.૨૦૨૬થી અમલમાં આવશે. આ ટ્રેન બંને દિશામાં વસ્ત્રાપુર, સરખેજ, બાવળા, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, સિહોર (ગુજરાત) અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે.

ટ્રેન નંબર ૦૯૨૧૧/૦૯૨૧૨ ગાંધીગ્રામ–બોટાદ દૈનિક સ્પેશિયલ હવે ટ્રેન નંબર ૫૯૨૩૭/૫૯૨૩૮ ગાંધીગ્રામ–બોટાદ દૈનિક પેસેન્જર તરીકે દોડશે. ટ્રેન નંબર ૫૯૨૩૭ ગાંધીગ્રામ–બોટાદ દૈનિક પેસેન્જર ગાંધીગ્રામથી ૦૯.૧૫ વાગ્યે પ્રસ્થાન કરી ૧૩.૩૦ વાગ્યે બોટાદ પહોંચશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નંબર ૫૯૨૩૮ બોટાદ–ગાંધીગ્રામ દૈનિક પેસેન્જર બોટાદથી ૧૪.૦૫ વાગ્યે પ્રસ્થાન કરી ૧૮.૦૫ વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વસ્ત્રાપુર, સરખેજ, મોરૈયા, મટોડા, બાવળા, ધોળકા, ગોધનેશ્વર, કોઠ ગાંગડ, અરનેજ, લોથલ ભુરખી, લોલિયા, હડાળા ભાલ, ધોળી ભાલ, રાયકા, ધંધુકા, તગડી, ભીમનાથ, ચંદરવા, જાલિલા રોડ, સારંગપુર રોડ અને અલાઉ સ્ટેશનો પર રોકાશે. આ બંને ટ્રેનો માટે આ ફેરફાર ૦૧.૦૬.૨૦૨૬થી અમલમાં આવશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે, આ નિર્ણય મુસાફરો માટે અત્યંત લાભદાયક સાબિત થશે, જેના કારણે તેમને નિયમિત, સુલભ અને કિફાયતી રેલ સેવાઓનો લાભ મળશે.

## પેટ્રોલ પંપો ઉપર સંચાલકોએ ગ્રાહકોની વિગત ફરજીયાત રજીસ્ટર કરવા કર્યા આદેશ

# ગુજરાત સરકારનો ફતવોઃ રાજયમાં ખેડુતોએ ડીઝલ મેળવવા ૭/૧૨ અને આધારકાર્ડના પુરાવા આપવા પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવની સીધી અને માઠી અસર હવે ગુજરાતના જનજીવન પર પડવા લાગી હોય તેવુ બહાર આવી રહ્યુ છે. રાજયમાં ઈંધણની ભારે કટોકટી ઉભી થઈ રહી છે. જેના પગલે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે રાજયના અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ દ્વારા પેટ્રોલ-ડીઝલની સંગ્રહખોરી રોકવાના બહાને એક નવો આકરો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. આ નવા નિયમ મુજબ હવે ખેડુતોને ખેતીકામ કે ટ્રેકટર માટે ડીઝલ ખરીદવા સરકારી પુરાવા રજુ કરવા ફરજીયાત બનશે. જેને કારણે જગતના તાતમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અન્ન નાગરીક પુરવઠા વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આદેશ




અનુસાર જો કોઈ ખેડુત પેટ્રોલપંપ પર ડીઝલ લેવા જશે તો તેણે ફરજીયાતપણે પોતાની જમીનના ૭/૧૨ અને ૮-અ ની નકલ, ચુંટણીકાર્ડ, આધાર વિગત ઓમીટેડ અને ટ્રેકટરની આરસી બુક જેવા મહત્વના દસ્તાવેજો પુરાવા તરીકે રજુ કરવા પડશે. આ તમામ પુરાવા આપ્યા બાદ પણ ખેડુતને એક વખત વધુમાં વધુ માત્ર ૨૦૦ લીટર સુધી જ ડીઝલ મળી શકશે, જો કે હાલમાં પેટ્રોલ પંપો પર જે રીતે જથ્થો ઓછો પહોચી રહ્યો છે તે જોતા ખેડુતોને આ નિયત મર્યાદા જેટલુ ડીઝલ મળવુ પણ મુશ્કેલ દેખાઈ રહ્યુ છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ડીઝલ નથી ના પાટીયા લાગવા માંડયા છે. રાજય સરકાર એક તરફ એવો દાવો કરી રહી છે કે ગુજરાતમાં પેટ્રોલ ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે અને લોકોને અફવાઓથી સાવધાન રહેવા તેમજ પેનીક ન થવા અપીલ કરી રહી છે. તો બીજી તરફ સરકારે છુપી રીતે ઈંધણના વિતરણ પર મોટો કાપ મુકી દીધો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલમાં પેટ્રોલ પંપો પર સામાન્ય વાહનો માટે પણ મર્યાદા નકકી કરી દેવામાં આવી છે. જેમાં ટુ-વ્હીલર્સને માત્ર રૂપીયા ૫૦ થી ૧૦૦ નુ પેટ્રોલ અને કાર સહિતના ફોર વ્હીલર્સમાં માત્ર રૂપીયા ૫૦૦ થી ૧૦૦૦ નુ ઈંધણ આપવામાં આવી રહ્યુ છે. ઈંધણની આ કટોકટીની સૌથી માઠી અસર માલ સામાનની હેરફેર કરતા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પર પડી રહી છે. ટ્રક ચાલકોના જણાવ્યા અનુસાર હાલની પરિસ્થિતિમાં તેમને માત્ર ૨૦ થી ૨૫ લીટર જ ડીઝલ આપવામાં આવી રહ્યુ છે. જયારે લાંબા અંતરની સફર માટે ટ્રકોને કાર્યરત રાખવા ઓછામાં ઓછા ૨૦૦ થી ૩૦૦ લીટર ડીઝલની જરૂરીયાત હોય છે. જો આ જ સ્થિતિ આગામી દિવસોમાં ચાલુ રહેશે તો ગુજરાતનો આખો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ઠપ થઈ જશે અને તેની સીધી અસર વ્યાપક ચીજ વસ્તુઓના પુરવઠા પર પણ પડી શકે છે. સરકાર હવે તમામ પેટ્રોલ પંપ પર ગ્રાહકોની વિગત રાખવા માટે ફરજીયાત રજીસ્ટર મેઈન્ટેન કરવાનો પણ આદેશ આપ્યો છે. લોકમુખે ચર્ચાયેલ છે કે જો ખરેખર પુરતો જથ્થો છે તો સરકારે આવા ઈમરજન્સી જેવા નિયમો કેમ લાવવા પડયા ? આ સ્થિતિ જોતા આગામી દિવસોમાં રેશનકાર્ડ દ્વારા જ પેટ્રોલ ડીઝલનુ નિયંત્રિત વિતરણ (રેશનીંગ) થાય તેવી પુરી સંભાવનાઓ છે. તો બીજી તર ખેડુતોને દસ્તાવેજો રજુ કરવાના આ વિવાદાસ્પદ મુદ્દે ગુજરાતના અન્ન નાગરીક પુરવઠા વિભાગના મંત્રી રમણ સોલંકીએ જણાવ્યુ હતુ કે આ બાબતે તાજેતરમાં મુખ્ય સચિવના નેજા હેઠળ એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં કોઈ કારણોસર તેઓ હાજર રહી શકયા ન હતા, જેથી તેઓ આ સમગ્ર બાબતની સંપૂર્ણ વિગતો મેળવ્યા બાદ જ સત્તાવાર રીતે વધુ માહિતી આપી શકશે.

# ઉંઝા નગરપાલિકામાં હોદ્દેદારોની નિમણુંકને લઈ આંટા કડવા પાટીદાર સમાજમાં ભારે નારાજગી

પ્રતિનિધિ,ગાંધીનગર




મહેસાણા જિલ્લાની ઉંઝા નગરપાલિકામાં હોદ્દેદારોની નિમણુંક બાદ આંટા કડવા પાટીદાર સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સમાજ સાથે સંકળાયેલા વ્યકિતઓને એકપણ હોદ્દો ન મળતા આંટા કડવા પાટીદાર યુવા સંગઠનના મંત્રીએ ધારાસભ્ય કિરીટ પટેલને પત્ર લખીને વિરોધ નોંધાવ્યો છે.

સંગઠનના દાવા મુજબ ભાજપના ૧૭ પાટીદાર કોર્પોરેટરોમાંથી ૧૩ આંટા સમાજના છે. ૨૨ બિનહરીફ સીટો જીતવામાં પણ સમાજનો સિંહફાળો હતો. છતાં મુખ્ય ૫ હોદ્દાઓમાંથી એકપણ ન આપવાથી અન્યાય થયો છે. સમાજે નિર્ણય પર ફેર વિચારણા કરીને ઓછામાં ઓછા ૧ થી ૨ હોદ્દા આપવાની માંગ કરી છે.

# છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તા માટે લોહિયાળ જંગઃ આમ આદમી પાર્ટીના બે નેતા પર જીવલેણ હુમલો

પ્રતિનિધિ,ગાંધીનગર




સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સત્તા હાસલ કરવા માટેનો રાજકીય જંગ હવે હિંસક અને અત્યંત ખતરનાક વળાંક લઈ રહ્યો છે. છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની આગામી સમયમાં યોજાનારી ચુંટણી અગાઉ જ સમગ્ર પંથકમાં ભારે તણાવપૂર્ણ અને ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

ગઈ કાલે મોડી રાત્રે એકલબારા ગામ નજીક આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ શ્રીકુંજ રાઠવા અને તાલુકા પંચાયતના ચુંટાયેલા બે સદસ્યો પર અજાણ્યા અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કર્યો હતો. રાજકીય અદાવતમાં થયેલા આ હિંસક હુમલાને પગલે છોટા ઉદેપુર જિલ્લાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી અનુસાર છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તાનુ ગણિત અત્યંત રોમાંચક અને ગુંચવણભર્યુ બન્યુ છે. છોટા ઉદેપુર તાલુકા પંચાયતમાં કુલ બેઠકોમાંથી સત્તાધારી ભાજપ અને વિપક્ષ આમ આદમી પાર્ટી બંને પાસે ૧૩-૧૩ બેઠકો હોવાથી ટાઈ (સરખા ભાગે ટકકર) ની સ્થિતિ સર્જાઈ છે. આગામી ૨૩ મે ના રોજ પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દા માટે પ્રતિષ્ઠાભર્યુ મતદાન યોજાવવાનુ નકકી થયુ છે. આ મહત્વપૂર્ણ મતદાનના બરાબર એક દિવસ અગાઉ જ વિપક્ષી સદસ્યોને ડરાવવા, ધમકાવવા અને કોઈપણ ભોગે સત્તા કબ્જે કરવાના આશયથી આ આયોજનબધ્ધ હુમલો કરવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે.

આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ શ્રીકુંજ રાઠવા અને તેમની સાથે ચુંટાયેલા અન્ય બે સદસ્યો છોટા ઉદેપુર ખાતે પક્ષના સંગઠનની એક અગત્યની વ્યુહાત્મક બેઠક પૂર્ણ કરીને મોડી રાત્રે કારમાં પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રાત્રીના અંધારાનો લાભ લઈને કેટલાક અસામાજિક તત્વો અન્ય એક શંકાસ્પદ કાર લઈને તેમની પાછળ પડયા હતા અને ફિલ્મી ઢબે લાંબા અંતર સુધી પીછો કર્યો હતો. એકલબારા ગામ નજીક પહોચતા જ હુમલાખોરોએ પોતાની કાર આડી ઉભી કરી આમ આદમી પાર્ટીના પ્રમુખની કારને આંતરી લીધી હતી. હાથમાં ઘાતક હથિયારો સાથે આવેલા અજાણ્યા શખ્સોએ કાર પર તુટી પડીને બારીના કાચ તોડી નાખ્યા હતા અને વાહનને મોટુ નુકશાન પહોચાડયુ હતું. હથિયારધારી ઉશ્કેરાયેલા શખ્સોને કુરતાપૂર્વક પોતાની તરફ આવતા જોઈને આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ શ્રીકુંજ રાઠવા અને તેમની સાથે રહેલા બંને સદસ્યો ભારે ગભરાઈ ગયા હતા. તેમણે સમયસુચકતા વાપરી તાત્કાલીક કારમાંથી ઉતરીને આજુબાજુના ખેતરો અને અંધારામાં દોટ મુકી હતી. હુમલાખોરોથી બચવા માટે તેઓ અંધારામાં ભાગી છુટયા હતા અને જેમ તેમ કરીને રાત્રીના સમયે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. આ ઘટનાને પગલે પક્ષના કાર્યકરો અને નેતાઓમાં ભારે ફફડાટ અને રોષ વ્યાપી ઉઠયો છે. આ અતિ ગંભીર અને લોહિયાળ ઘટના સંદર્ભે શ્રીકુંજ રાઠવા અન્ય હોદ્દેદારો સાથે છોટા ઉદેપુર પોલીસ સ્ટેશન પહોચ્યા હતા અને હુમલાખોરો વિરૂધ્ધ નામ જોગ તેમજ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ સત્તાવાર ફરીયાદ નોંધાવી હતી.

# કચ્છથી દેશની રાજધાની દિલ્હી માટે નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાનો શુભારંભ

## માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે બતાવી લીલી ઝંડી

રેલવે યાત્રીઓની સુવિધાને સર્વોપરી રાખતા તથા કચ્છ ક્ષેત્રને દેશની રાજધાની દિલ્હી સાથે સીધો અને ઉત્તમ રેલવે સંપર્ક આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે આજે તારીખ ૨૨ મે, ૨૦૨૬ ના રોજ ભુજ અને દિલ્હી વચ્ચે નવી દૈનિક એક્સપ્રેસ ટ્રેન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો. ટ્રેન નંબર ૧૯૪૦૩/૧૯૪૦૪ ભુજ–દિલ્હી–ભુજ એક્સપ્રેસનું ઉદઘાટન માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ મારફતે લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું.



આ પ્રસંગે માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આઝાદી પછીથી ભુજ–જાલોર–પાલી ક્ષેત્રને દિલ્હી સાથે સીધી રેલવે કનેક્ટિવિટી આપવાનું સપનું આજે સાકાર થયું છે. તેમણે જણાવ્યું કે દેશભરમાં ૧૩૦૦ રેલવે સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા રેલવે માટે રેકોર્ડ બજેટ ફાળવવામાં આવ્યું છે, જેના હેઠળ ગુજરાતમાં ૪૬૦૦ કરોડ રૂપિયાના રોકાણથી ૮૫ સ્ટેશનોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાંથી ૧૫ સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ ઉપરાંત ૨૪ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે તથા ૧૪,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણથી સમર્પિત ફ્રેઈટ કોરિડોરનું કાર્ય પણ પૂરું થઈ ચૂક્યું છે. તેમણે જણાવ્યું કે તારંગા હિલ–અંબાજી રેલવે લાઈનનું કાર્ય પણ ઝડપી ગતિથી પ્રગતિ પર છે તથા તેના પ્રથમ સેક્શનનો ડિસેમ્બર મહિનામાં પ્રારંભ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે વર્તમાનમાં ભુજ–બરેલી સાપ્તાહિક ટ્રેન સેવા સંચાલિત કરવામાં આવી રહી છે, જેમાં આશરે ૮૦ ટકા યાત્રીઓ બરેલી અને ઉત્તર ભારત ક્ષેત્રના હોય છે. નવી ભુજ–દિલ્હી એક્સપ્રેસના દરરોજના સંચાલનથી યાત્રીઓને વધુ સુવિધાજનક, નિયમિત અને ઉત્તમ રેલવે સેવા ઉપલબ્ધ થશે.

માનનીય રેલવે મંત્રીએ વધુમાં જણાવ્યું કે નવી ભુજ–દિલ્હી એક્સપ્રેસથી ગુજરાતના ૬ શહેરો તથા અન્ય ૧૯ શહેરોને દિલ્હીથી સીધી રેલવે કનેક્ટિવિટી પ્રાપ્ત થશે. આ ટ્રેન સેવાથી વિદ્યાર્થીઓ, શ્રમિકો, હસ્તશિલ્પ ઉદ્યોગ સાથે જોડાયેલા કારીગરો, વેપારીઓ, ઉદ્યોગ જગત અને ખેડૂતોને વિશેષ લાભ મળશે. તેમણે કહ્યું કે રણોત્સવ દરમિયાન દિલ્હી અને ઉત્તર ભારતના યાત્રીઓને કચ્છ આવવા માટે દરરોજ સીધી ટ્રેન સુવિધા ઉપલબ્ધ રહેશે, જેનાથી પર્યટનને પણ પ્રોત્સાહન મળશે.

આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષોમાં ભારતીય રેલવેનો અભૂતપૂર્વ કાયાકલ્પ થયો છે. તેમણે જણાવ્યું કે તાજેતરમાં જ અમદાવાદ–ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલવે પરિયોજનાની ભેટ પણ ગુજરાતને મળી છે. તેમણે કહ્યું કે ‘મેક ઈન ઈન્ડિયા’ અંતર્ગત નિર્મિત વંદે ભારત અને નમો ભારત રેપિડ રેલ જેવી આધુનિક ટ્રેનોએ માત્ર યાત્રીઓને ઉત્તમ સુવિધા જ પ્રદાન નથી કરી, પરંતુ દેશના વિકાસને પણ નવી ગતિ આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજના મુંબઈ–અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું કાર્ય ગુજરાતમાં ઝડપી ગતિથી ચાલી રહ્યું છે તથા ૫૦૮ કિલોમીટર લાંબી પરિયોજનામાંથી ૩૪૮ કિલોમીટરનું નિર્માણ ગુજરાતમાં થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૨૬ ના બજેટમાં ગુજરાતને રેકોર્ડ ૧૭,૩૬૬ કરોડ રૂપિયાની ફાળવણી પ્રાપ્ત થઈ છે, જે વર્ષ ૨૦૧૪ ની સરખામણીમાં આશરે ૨૯ ગણી વધુ છે. વર્તમાનમાં ગુજરાત રાજયમાં ૧,૨૮,૭૪૮ કરોડ રૂપિયાના ખર્ચની વિવિધ રેલવે પરિયોજનાઓ પર કાર્ય પ્રગતિ પર છે. તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા ૧૨ વર્ષોમાં ગુજરાતના તમામ રેલવે માર્ગોનું ૧૦૦% વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ભુજ સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં શ્રી ત્રિકમભાઈ છાંગા, માનનીય ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજય મંત્રી, ગુજરાત સરકાર તેમજ માનનીય ધારાસભ્ય – અંજાર, માનનીય સંસદસભ્ય (કચ્છ) શ્રી વિનોદ એલ. ચાવડા, માનનીય ધારાસભ્ય (ભુજ) શ્રી કેશુભાઈ શિવદાસ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, માનનીય ધારાસભ્ય – અબડાસા, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડે, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ તેમજ અન્ય મહાનુભાવો અને અતિથિઓ ઉપસ્થિત રહ્યા.

નવી દૈનિક ટ્રેન સેવાના શુભારંભથી કચ્છ ક્ષેત્રના યાત્રીઓને દિલ્હી માટે સીધી રેલવે સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે. આ ટ્રેન ગુજરાત અને રાજસ્થાનના વિવિધ મહત્વપૂર્ણ શહેરો અને સ્ટેશનોને જોડતાં યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને આરામદાયક યાત્રાની સુવિધા ઉપલબ્ધ કરાવશે.

ટ્રેન નંબર ૧૯૪૦૩/૧૯૪૦૪ ભુજ–દિલ્હી–ભુજ એક્સપ્રેસ

ટ્રેન નંબર ૧૯૪૦૩ ૧૯૪૦૩ ભુજ–દિલ્હી એક્સપ્રેસ ૨૩ મે ૨૦૨૬ થી દરરોજ ભુજથી ૧૧:૧૫ કલાકે પ્રસ્થાન કરીને બીજા દિવસે ૧૧:૪૫ કલાકે દિલ્હી પહોંચશે.

તે જ રીતે, ટ્રેન નંબર ૧૯૪૦૪ દિલ્હી–ભુજ એક્સપ્રેસ ૨૪ મે ૨૦૨૬ થી દરરોજ દિલ્હીથી ૧૬:૪૦ કલાકે પ્રસ્થાન કરીને બીજા દિવસે ૧૯:૩૫ કલાકે ભુજ પહોંચશે.

માર્ગમાં મુખ્ય સ્ટોપેજ

આ ટ્રેન બંને દિશાઓમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, પાલી મારવાડ, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધી નગર-જયપુર, બાંદીકુઈ, અલવર અને રેવાડી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ૨-ટાયર એસી, ૩-ટાયર એસી, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

આ પ્રસંગે સ્થાનિક નાગરિકો અને જનપ્રતિનિધિઓ દ્વારા ભુજથી હરિદ્વાર માટે સીધી ટ્રેન સેવા શરૂ કરવાની માંગ પણ મૂકવામાં આવી હતી, જેના પર પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાંડેએ સકારાત્મક વિચાર કરવા અને જરૂરી પ્રક્રિયા આગળ વધારવાની ખાતરી આપી. આ નવી રેલવે સેવા કચ્છ ક્ષેત્રના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# વાડજમાં NRI ના ઘરમાં ૨૧ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતા એક NRI દંપતીના ઘરમાં થયેલી લાખો રૂપિયાની ઘરફોડ ચોરીના ગુનાનો વાડજ પોલીસે સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ ચોરી કોઈ બહારના રીઢા ગુનેગારે નહીં, પરંતુ દંપતીના ઘરમાં જ સાફ-સફાઈ અને કામકાજ કરતી મહિલા ઘરઘાટીએ આચરી હતી. પોલીસે ટેકનિકલ સોર્સિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ગણતરીના કલાકોમાં મહિલાને પકડી પાડી તેની પાસેથી લાખોનો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, વાડજ વિસ્તારમાં એક હાઈપ્રોફાઈલ NRI દંપતીના મકાનમાં આ મહિલા ઘરઘાટી તરીકે કામ કરતી હતી. દંપતી ઘરની બહાર ગયું હોવાનો અથવા મોકો જોઈને મહિલાએ તિજોરીમાંથી ૨૧ લાખની કિંમતના કિંમતી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી લીધી હતી. જ્યારે દંપતીને દાગીના ગાયબ હોવાની ખબર પડી ત્યારે તેમણે વાડજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

# કોક્રોચ જનતા પાર્ટી (CJP) જે માત્ર છ દિવસ પહેલા જ શરૂ થયેલ એ હવે ભારતીય જનતા પાર્ટી (BJP) માટે બની રહી છે માથાનો દુઃખાવો?

## અમેરિકા ભણતો ૩૦ વર્ષનો મહારાષ્ટ્રીયન અભિજિત દીપકે છેઃ આ ચળવળ પાછળનો માસ્ટર માઈન્ડ ભૂતકાળમાં આમ આદમી પાર્ટી માટે કરી ચૂકયો છે કામ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાન્તના એક નિવેદનના વિરોધમાં શરૂ થયેલું કોક્રોચ જનતા પાર્ટી (CJP) નામનું ડિજિટલ અભિયાન ૬ દિવસમાં જ ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે. સોશિયલ મીડિયામાં આ પાર્ટીની ખૂબ ચર્ચા થઈ રહી છે. માત્ર ૬ જ દિવસમાં દાવાનળની જેમ ઈન્ટરનેટ પર છવાઈ ગયેલા કોક્રોચ જનતા પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે BJP ના ફોલોઅર્સની સંખ્યા પણ ગઈ કાલે પાર કરી લીધી હતી.

ચીફ જસ્ટિસે બેરોજગાર યુવાનો માટે વાપરેલા કોક્રોચ શબ્દને કેટલાક લોકો એ બહુ ગંભીરતાથી લઈ ને ઓનલાઈન કેમ્પેનની શરૂઆત કરી હતી. જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર CJP ના ૧.૬ લાખથી વધુ ફોલોઅર્સની સંખ્યા ૧.૪ કરોડથી વધી ગઈ હતી. ઈન્સ્ટાગ્રામ પર BJP ના ફોલોઅર્સ માત્ર ૮૮ લાખ છે. આ ડિજિટલ વ્યંગ જોખમી સ્વરૂપ ધારણ કરી રહ્યો હોવાથી ગઈકાલે ભારત સરકારે CJPના સોશિયલ અકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધા હતા. હવે CJPના X પરના અકાઉન્ટને ખોલતા લખેલું દેખાય છે.''લીગલ ડિમાન્ડને કારણે આ અકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.''

આ આઈડિયા આવ્યો કેવી રીતે?

અભિજીતે BBC ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ''હું સોશિયલ મીડિયામાં CJI નું નિવેદન જોઈ રહ્યો હતો જ્યાં તેઓ સિસ્ટમની ટીકા કરવા માટે દેશના યુવાનોની તુલના કોક્રોચ અને પરોપજીવીઓ સાથે કરી રહ્યા હતા. મે સોશ્યલ મીડિયા પર લોકોનું મંતવ્ય જાણવા માટે પૂછ્યું કે જો બધા કોક્રોચ એકસાથે આવી જાય તો શું થાય? મને જેન-ઝી અને ૨૫ વર્ષ સુધીના યુવાનોના કમાલના જવાબ મળ્યા. તેમણે કહ્યું કે આપણે સાથે આવવું જોઈએ. અને એક પ્લેટફોર્મ બનાવ્યું જોઈએ. પછી શું, મે કોક્રોચ જનતા પાર્ટી (CJP) બનાવી લીધી.

અભિજીતે આ પાર્ટીમાં સભ્યપદ મેળવવા માટે ચાર યોગ્યતાના પરિમાણ પણ રજૂ કર્યા છે. બેરોજગારી આળસ, ઓનલાઈન પડયા પાથર્યા રહેવાની લત, પ્રોફેશનલ ભડાસ કાઢવાની ક્ષમતા. આ પાર્ટીનો લોગો પણ તૈયાર કર્યો હતો જેમાં કોક્રોચ જોવા મળે છે.

આમ CJP નું જૂનું અકાઉન્ટ બ્લોક થતાં નવું બન્યું જેનું નામ હતું કોક્રોચ ઈઝ બેક એની નીચે ટેગલાઈન હતી. કોક્રોચીસ ડોન્ટ ડાય. આ નવા એકાઉન્ટમાં એવો સંદેશો છે કે કોક્રોચ કદી મરતાં નથી.

# સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પાસે ધરણાં કરવામાં આવશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશ્નરને તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ રૂબરૂ મળી હાલમાં મહાનગર પાલિકાના કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓને જે તે દવાખાના, હોસ્પિટલોમાંથી દવાનો સ્ટોક ન હોય તે દવા બહારથી લખી આપવામાં આવતી હતી.જે દવા વિના મૂલ્યે આપવામાં આવતી હતી. તે પ્રથા હાલમાં બંધ કરી રિઈમ્બર્સમેન્ટ પ્રથા દાખલ કરી છે. આ પ્રથા કર્મચારીઓ, પેન્શરોના હિત વિરુધ્ધ હોય તે રિઈમ્બર્સમેન્ટ પ્રથા બંધ કરવાની જરૂર છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા જૂના ઠરાવમાં સુધારો કરી એક પરિપત્ર બહાર પાડી પહેલા કર્મચારીએ પોતાના પૈસે દવા ખરીદવાની અને ત્રણ મહિના પછી દવાના નાણાં તેના પગારમાં જમા થાય. કેટલાક કર્મચારીઓ,પેન્શરો હાલ કેટલાક ગંભીર રોગોથી પીડિત હોય અને તેઓને મહિને રૂપિયા ૧૦ થી ૧૫ હજારની દવા થતી હોય અને તેઓ માંડ-માંડ પેન્શન ઉપર જીવતા હોય અને તેઓને દર મહિને આટલો મોટો ખર્ચ પરવડે નહીં. એટલે આવા કર્મચારીઓ, પેન્શરો માટે જૂની પ્રથા આશીર્વાદરૂપ હતી. તે બંધ કરી મહાનગરપાલિકાએ કર્મચારીઓને કચડી નાંખવાની જે ચાલ રમી છે તેને અમો સખત શબ્દોમાં વખોડીએ છીએ.

સુરત મહાનગરપાલિકા આ પરિપત્રને રદ કરવા માટે અમો માંગણી કરીએ છીએ. તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ એક આવેદનપત્ર આપવામાં આવશે. તેમ છતાં અમારી માંગણી નહીં સંતોષાય તો તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ બપોરે ૩ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના દરવાજા પાસે ધરણાનો કાર્યક્રમ કરી આંદોલન કરવાની ફરજ પડશે. જે ધરણાંના કાર્યક્રમમાં સુરત મહાનગર પાલિકાના કર્મચારીઓ અને પેન્શનરોને મોટી સંખ્યામાં જોડાવા માટે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ધ્વારા અપીલ કરવામાં આવી છે. આજ રોજ કર્મચારી મહામંડળની એક મિટિંગ ભાઈલાલ બી. વૈષ્ણવના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં વિવિધ યુનિયનોના આગેવાનો સવશ્રી જયંતીભાઈ વાઘેલા, વિજયભાઈ શેણમારે, શશિકાન્તભાઈ સોલંકી, મોહમંદ ઈકબાલ શેખ, કિરીટભાઈ વાઘેલા, દેવેન્દ્ર પ્રજાપતિ વિગેરે ઉપસ્થિત હતા.

# ગીર સોમનાથ બાદ રાજયમાં વધુ ૭ સ્થળોએ અદ્યતન વોલ્ટેજ સ્થિરતા પ્રણાલી સ્થપાશેઃ ગુજરાત પાવરગ્રીડ ને વધુ મજબુત બનશે

પ્રતિનિધિ,ગાંધીનગર



ખેતીવાડી ક્ષેત્રે વિજળીના આંચકા અને વધઘટની સમસ્યાનો કાયમી ઉકેલ લાવતી આધુનિક તકનીક વીજ વહન કરતી દેશની સર્વ પ્રથમ રાજય કક્ષાની સંસ્થા બનવાનુ બહુમાન મેળવતી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ (જેટકો) ૧૨૫ એમવીએઆર ક્ષમતાની આધુનિક પ્રણાલીઓ સ્થાપવામાં આવશે.

(૧) થરાદ (૨૨૦ કિલો વોલ્ટ) (૨) દિયોદર (૨૨૦ કિલો વોલ્ટ) (૩) સાગપરા (૨૨૦ કિલો વોલ્ટ ) (૪) ખેરાલુ (૨૨૦ કિલો વોલ્ટ ) (૫) કુકમા (૨૨૦ કિલો વોલ્ટ) (૬) ધ્રાંગધ્રા (૨૨૦ કિલો વોલ્ટ) (૭) ધોલેરા-૨ (૪૦૦ કિલો વોલ્ટ નુ આગામી નવુ કેન્દ્ર) એક સમયે વિજળીની તંગની સામનો કરતુ ગુજરાત આજે ઉર્જા ક્ષેત્રે દેશભરમાં આત્મનિર્ભર અને અગ્રેસર રાજય બન્યુ છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ધદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં શરૂ કરાયેલી જયોતિગ્રામ યોજના એ ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરીને દેશ સમક્ષ એક ઉદાહરણ પુરૂ પાડયુ હતું. આ જ પરંપરાને આગળ ધપાવતા હવે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકાર વિજળીની ગુણવત્તા અને તેની સ્થિરતા સુધારવા માટે નવા માપદંડો સ્થાપિત કરી રહી છે. પાવર ગ્રીડ (વીજ વિતરણ નેટવર્ક) ને વધુ સક્ષમ બનાવવાના ભાગ રૂપે ગીર સોમનાથ જિલ્લાના ટીંબડી કેન્દ્ર ખાતે રાજયની પ્રથમ અદ્યતન સ્ટેટિક સિન્કોનસ કમ્પેન્સેટર (સ્ટેટકોમ) એટલે કે સ્માર્ટ વોલ્ટેજ સ્થિરતા પ્રણાલી સફળતાપૂર્વક સ્થાપવામાં આવી હતી. આ પ્રયોગની સફળતાને જોતા સરકારે હવે રાજયના અન્ય ૭ મહત્વના વીજ કેન્દ્રો (સબ સ્ટેશન) ખાતે પણ આવીજ પ્રણાલીઓ સ્થાપવાની મંજુરી આપી દીધી છે. નવી પહેલથી ગુજરાતનુ પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર (ઉર્જા માળખુ) વધુ મજબુત બનશે અને રાજયના નાગરીકોને ગુણવત્તાયુકત વિજળી મળતી રહેશે. જેમાં ખેડુતો અને ઉદ્યોગોને મોટા ફાયદા થશે, ખેડુતોને થનારા ફાયદાઓમાં વિજળીના આંચકા કે વધઘટ બન થવાને કારણે ખેડુતોની મોટરો અને ઘરના કિંમતી ઉપકરણો બળી જવાની સમસ્યા અટકશે, લાઈનો માં વહન દરમિયાન થતો વિજળીનો વ્યય ઓછો થશે, જેનાથી વીજ તંત્ર પરનો બોજો ઘટશે, ગ્રામ્ય અને ઔદ્યોગિક બંને વિસ્તારોને કોઈપણ અડચણ વગર એક સરખો વીજ પ્રવાહ મળશે, હવે પછી કયા ૭ સ્થળોએ આ સિસ્ટમ લાગશે તેની વિગતવાર અગાઉ ચર્ચા કરી દેવામાં આવી છે.

ગુજરાતમાં ખાસ કરીને ચોમાસા અને શિયાળાની ઋતુ દરમિયાન ખેતીવાડી ક્ષેત્રે વિજળીની માંગ માં ભારે ઉતાર ચઢાવ જોવા મળે છે. જયારે ખેડુતો એક સાથે મોટરો ચાલુ કરે ત્યારે વિજળીનુ દબાણ (વોલ્ટેજ) અચાનક ઘટી જતુ હોય છે અને માંગ ઓછી હોય ત્યારે દબાણ વધી જતુ હોય છે. ગીર સોમનાથના ટીંબડી કેન્દ્રની આસપાસ વીજ ઉત્પાદનનુ કોઈ મોટુ મથક ન હોવાથી ત્યાં અગાઉ વોલ્ટેજ ૧૯૦ કિલો વોલ્ટ થી ૨૪૫ કિલો વોલ્ટ સુધી સતત બદલાતો રહેતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ તરીકે કાર્યરત કરવામાં આવેલી આ નવી સ્માર્ટ પ્રણાલી એક સક્ષમ વોલ્ટેજ સ્ટેબિલાઈઝર ની જેમ કામ કરે છે. તે વીજ લાઈન પર સતત નજર રાખે છે અને પલકવારમાં (રીયલ ટાઈમમાં) ઘટેલા કે વધેલા દબાણને આપમેળે સંતુલીત કરી દે છે. આ તકનીકનો ઉપયોગ કરનારી ગુજરાતની ગેટકો કંપની સમગ્ર ભારતમાં પ્રથમ રાજય કક્ષાને વીજ વહન સંસ્થા બની છે.

# સગીર દિકરી પર દુષ્કર્મ ગુજારનાર નરાધમોએ જ કરી સગીરના પિતાની હત્યાઃ રાજકોટ પોલીસ કુંભકર્ણ નિંદ્રામાં

પ્રતિનિધિ,ગાંધીનગર

પડધરી તાલુકાના ખાખડાબેલા ગામ નજીક વાહન સીઝીંગના વ્યવસાય સાથે સંકળાયેલા ૪૦ વર્ષીય આધેડની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાથમિક તપાસમાં જુની અદાવત અને પોકસો કેસનો ખાર હત્યાના મુળમાં હોવાનુ બહાર આવ્યુ છે. સમગ્ર મામલે પડધરી પોલીસે યશપાલસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા સહિત અજાણ્યા શખ્સો વિરૂધ્ધ બીએનએસ કલમ-૧૦૩(૧),૬૧ સહિતની ગંભીર કલમો હેઠળ ગુન્હો નોંધીને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. આ મામલે રાજકોટ ગ્રામ્યના ઈન્ચાર્જ એસપી સીમરન ભારદ્વાજે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મૃતક બુધવારે રાત્રીના સમયે પોતાની ટાટા હેરીયર કારમાં રાજકોટથી ખાખડાબેલા ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન આરોપીઓએ પોતાની કાર મૃતકની કાર સાથે અથડાવી રોકી હતી. ત્યારબાદ હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી ૪૦ વર્ષીય યુવાનને મોતને ઘાટ ઉતાર્યો હતો.

બનાવને અંજામ આપ્યા બાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ પડધરી પોલીસ, રાજકોટ ગ્રામ્ય એલસીબી, ડોગ સ્કવોડ, એફએસએલ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટ ની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થળપર થી મહત્વના પુરાવાઓ એકત્રિત કર્યા હતા. જયારે મૃતદેહ ને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ ટેકિનકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મૃતકની દિકરી સાથે બદકામ આચરવામાં આવતા વર્ષ ૨૦૨૪ માં પડધરી પોલીસ સ્ટેશન ખાતે મહેન્દ્રસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા અને અજયસિંહ જાડેજા વિરૂધ્ધ દુષ્કર્મ અને પોકસો એકટ હેઠળ ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ બાદ પોલીસે અજયસિંહની ધરપકડ કરી હતી, જયારે મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ લાંબા સમયથી ફરાર હોવાનુ બહાર આવ્યુ હતું. આરોપીઓ દ્વારા મૃતક પર પોકસો અને દુષ્કર્મ કેસમાં સમાધાન કરવા માટે સતત દબાણ કરવામાં આવતુ હોવાની ચર્ચા પણ શરૂ થઈ છે. પરંતુ મૃતક સમાધાન માટે તૈયાર ન થતા આખરે તેમની હત્યા કરવાનુ કાવતરૂ રચાયુ હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. આ કેસ સાથે જોડાયેલ સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આરોપીઓએ મૃતકની સગીરવયની દિકરી સાથે દુષ્કર્મ આચર્યુ હોવાનો આક્ષેપ છે, ઘટનાથી ગભરાયેલી સગીરાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં પરીવારજનોને સમગ્ર ઘટનાની જાણ થતા સગીરાના પિતાએ ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

એપ્રિલ ૨૦૨૪ માં મહેન્દ્રસિંહ, યશપાલસિંહ અને અજયસિંહ વિરૂધ્ધ દુષ્કર્મ અને પોકસો એકટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. જો કે અજયસિંહ સિવાયના બંને આરોપીઓ આજદીન સુધી પોલીસ પકકડથી દુર રહ્યા હતા. હવે પોકસો કેસના ફરીયાદીની જ હત્યા થતા રાજકોટ ગ્રામ્ય પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જો પોલીસે સમયસર બંને ફરાર આરોપીઓને ઝડપી જેલ હવાલે કર્યા હોત તો આજે સગીરાના પિતા જીવીત હોત.

# ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં પોલીસ અને રાજકીય નેતાઓની સાંઠગાંઠઃ ભાજપના સાંસદે સરકારને લખ્યો ખુલ્લો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે ભરૂચ થી ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ફરી એકવાર પોતાની જ સરકાર સામે લેટર બોમ્બ ફોડીને રાજકારણ ગરમાવી દીધુ છે.

તેમણે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને નર્મદા જિલ્લામાં ચાલતા ગેરકાયદે દારૂ અને જુગારના અડ્ડાઓનો પર્દાફાશ કર્યો છે. પત્રમાં તેમણે નર્મદા પોલીસ અને સ્થાનિક રાજકીય આગેવાનોની મીલીભગતથી દારૂનુ મોટુ નેટવર્ક ચાલતુ હોવાનો સીધો અને ગંભીર આક્ષેપ કર્યો છે. મળતી માહિતી અનુસાર સાંસદ મનસુખ વસાવાએ નાયબ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં દારૂની હેરા ફેરીના આખા રૂટ અને મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો છે. તેમણે પત્રમાં લખ્યુ છે કે પડોશી રાજય મહારાષ્ટ્રની સરહદ પરથી નર્મદા જિલ્લામાં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્ર બોર્ડર થી લઈને દારૂ સપ્લાયના આખા રૂટમાં જેટલા પણ પોલીસ સ્ટેશન આવે છે તે તમામના પીએસઆઈ ની આ કાળા કારોબારમાં સીધી સંડોવણી છે. આ સમગ્ર નેટવર્કમાં આમલેથા પોલીસ સ્ટેશનની ભુમિકા સૌથી



ખાસ અને શંકાસ્પદ હોવાનો સાંસદે પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. નર્મદા જિલ્લામાં ઘુસાડવામાં આવેલો આ વિદેશી દારૂનો જથ્થો ત્યાંથી આગળ ઉમલ્લા, રાજપારડી, કરજણ અને શિનોર સુધી બે રોકટોક મોકલવામાં આવે છે. સાંસદ મનસુખ વસાવા માત્ર આક્ષેપો કરીને અટકયા નથી, પરંતુ તેમણે નર્મદા પોલીસના કેટલાક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓના નામ પણ પત્રમાં લખીને નાયબ મુખ્યમંત્રીને મોકલ્યા છે. આ ઉપરાંત આ બાબતનો એક પત્ર તેમણે નર્મદા જિલ્લા પોલીસવડાને રૂબરૂ મળીને પણ સોંપ્યો છે અને પુરાવા સાથે આ નેટવર્ક તોડી પાડવા જણાવ્યુ છે. પોલીસ અને રાજકીય નેતાઓની છત્રછાયા વિના આટલુ મોટુ નેટવર્ક ચાલવુ અશકય હોવાનુ પણ તેમણે સ્વીકાર્યુ છે. પત્રના અંતે સાંસદે અત્યંત સંવેદનશીલ અને લાચારીભરી અપીલ કરતા લખ્યુ હતુ કે નર્મદા અને આજુબાજુના વિસ્તારોમાં દારૂના કારણે સ્થાનિક યુવાધન બરબાદ થઈ રહ્યુ છે. તેને ગમે તેમ કરીને બચાવી લે જો સાહેબ, ગાંધીના ગુજરાતમાં જયાં દારૂબંધીના કાયદાના કડક અમલની વાતો થાય છે, ત્યાં સત્તાધારી પક્ષ ભાજપના જ સાંસદ દ્વારા પોતાની જ પોલીસ અને નેતાઓ વિરૂધ્ધ આ પ્રકારે ખુલ્લો મોરચો માંડવામાં આવતા વહિવટી તંત્ર અને પોલીસબેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. હવે જોવાનુ એ રહે છે કે નાયબ મુખ્યમંત્રી આ લેટર બોમ્બ બાદ નર્મદા પોલીસના ઉચ્ચ અધિકારીઓ સામે કેવા આકરા પગલા ભરે છે.

# માનવ તસ્કરીનો પર્દાફાશઃ ગુજરાત પોલીસે બિહારના ૯૦ બાળકોને મજુરી માંથી મુકત કરાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસે બિહારથી મજુરી માટે લાવવામાં આવી રહેલા ૯૦ થી વધુ બાળકોને સુરક્ષિત રીતે બચાવ્યા છે. ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. ગુજરાત પોલીસે સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે સાથે મળીને ઓપરેશન મિલાપ શરૂ કર્યુ છે. ત્યારબાદ ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને બિહાર થી ગુજરાત આવતી ટ્રેનોને ટ્રેક કરવામાં આવી હતી. આ કામગીરીમાં પોલીસે અમદાવાદમાં ૭૦ અને વડોદરા રેલ્વે સ્ટેશન પર ૨૦ બાળકોને બાળમજુરીમાંથી મુકત કરાવ્યા હતા. ગુજરાત પોલીસના એડીજીપી અજય ચૌધરીએ કામગીરીની પુષ્ઠી કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે પોલીસ વચ્ચેના સંયુકત ઓપરેશનના પરીણામે આ સફળતા મળી છે. તેમણે ઉમેર્યુ હતુ કે બિહારથી નાના બાળકોને મજુરી માટે લાવી રહેલા માફીયાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે ઓપરેશન મિલાપ




ચાલુ રાખીને માનવ તસ્કરી વિરોધી એકમ હેઠળ આ કામગીરી હાથ ધરી છે. ગુજરાતના ડીજીપી ડો. કે એલ એન રાવ ના માર્ગદર્શન હેઠળ આ ઓપરેશન પાર પાડવામાં આવ્યુ હતું. એડીજીપી અજય ચૌધરીએ જણાવ્યુ હતુ કે ગુપ્ત માહિતી મળી હતી કે બાળકોને બિહારથી ટ્રેનોમાં કામ કરવા માટે લાવવામાં આવી રહ્યા છે. ત્યારબાદ પશ્ચિમ રેલ્વેના એસપી, આઈપીએસ અભય સોનીના નેતૃત્વમાં કાર્યવાહી કરવામાં આવી હતી. ટ્રેનોનુ ટ્રેકીંગ કર્યા પછી, બાળકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ચૌધરીએ વધુમાં જણાવ્યુ હતુ કે તમામ બાળકોને બચાવ્યા પછી, તેમને સુરક્ષિત રીતે રાખવામાં આવ્યા હતા અને ખોરાક તેમજ પાણી પુરૂ પાડવામાં આવ્યુ હતું. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આ કેસમાં ગુન્હેગારો સામે કડક કાર્યવાહી કરવા માટે કાનુની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આઈપીએસ અજય ચૌધરી પોતે બિહારના છે. તેઓ ૧૯૯૯ બેચના આઈપીએસ અધિકારી છે. તેઓ હાલમાં ગુજરાતના મહિલા સેલના વડા છે. ગુજરાત પોલીસે એવા સમયે ૯૦ બાળકોને બચાવ્યા છે જયારે થોડા દિવસો અગાઉ જ ઓપરેશન મિલાપ દ્વારા પોલીસને તેમના પરીવારોથી અલગ થયેલા ૭૦૧ લોકોને શોધવામાં સફળતા મળી હતી. રાજયના નાયબ મુખ્યમંત્રીએ પણ આ કામગીરીની પ્રશંસા કરી હતી. ડીજીપી ડો.કે એલ એન રાવે કહ્યુ હતુ કે આ કામગીરીમાં મળેલા લોકો ૨૦૦૭ થી ગુમ હતા. ગુજરાત પોલીસના જણાવ્યા અનુસાર ૨૦૦૭ થી રાજયભરમાં ગુમ થયેલા વ્યકિતઓના ૨૪,૭૬૭ થી વધુ કેસ નોંધાયા છે. ગુમ થયેલા વ્યકિતઓની શોધની સાથે પોલીસે હવે આ કામગીરી હેઠળ મજુરી માટે લાવવામાં આવતા માસુમ બાળકોને બચાવ્યા છે.

# ચોમાસામાં લાઈટ ગઈ તો વીજ વિભાગના અધિકારીઓ સામે પગલા લેવાશેઃ કૌશિક વેકરીયાએ વીજ વિભાગના અધિકારીઓ સામે કરી લાલ આંખ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ





ચોમાસા પહેલા બધા જ ફીડરોનુ મેઈન્ટેનન્સ અને રીપેરીંગ કરી લેવા માટે ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા એ તાકીદ કરી છે. તેમણે ચોમાસા અગાઉ ઉર્જા વિભાગની સમિક્ષા બેઠક યોજી હતી. ચોમાસાની સ્થિતિમાં પણ વીજ પુરવઠો પૂર્વવત રહે તે માટે તેમણે તૈયારી આદરવા માંડી છે. ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ વર્ચ્યુઅલ માધ્યમથી બેઠક કરી હતી. ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ પીજીવીસીએલ ની પુર્વ તૈયારીઓ અને મેઈન્ટેનન્સની માહિતી મેળવી હતી, તેમણે ચોમાસામાં વીજ પુરવઠો યથાવત રાખવા સુચના આપી હતી. તેની સાથે જણાવ્યુ હતુ કે વીજ પુરવઠો ખોરવાયો તો જે તે વિસ્તારના જવાબદાર અધિકારી સામે પગલા લેવામાં આવશે.

ગુજરાતમાં ૨૪ કલાક વીજ પુરવઠો મળે છે. પરંતુ ચોમાસાના સમયે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. આવી સ્થિતિનુ સર્જન ન થાય તે માટે ઉર્જા મંત્રીએ અત્યાર થી જ રાજયની બધી વીજ વિતરણ કંપનીઓને તાકીદ કરી છે. ચોમાસામાં વીજ પુરવઠો ખોરવાય ત્યારે લોકો બફારામાં ત્રાહિમામ પોકારી જતા હોય છે. આ ઉપરાંત તેમને ચોમાસાના કારણે જે પણ સંશાધનોની તકલીફ પડતી હોય તેનો અત્યારથી જ સંગ્રહ કરી લેવા જણાવ્યુ હતું. ચોમાસામાં જે સ્પેરપાર્ટસ જોઈએ તેને અત્યારથી જ મેળવી લેવા જોઈએ એવો આદેશ પણ તેમણે આપ્યો હતો. કોઈપણ સંજોગોમાં રાજયનો કોઈપણ વિસ્તાર વીજ વિહોણો ન રહેવો જોઈએ તેવુ તેમણે જણાવ્યુ હતું. આ વખતના ચોમાસામાં રાજયના જે તે વિસ્તારે જો વીજ વિહોણા રહેવાની ફરજ પડી તો તેની જવાબદારી તે વિસ્તારના વીજ વિભાગના અધિકારીની હશે , તેને તેનો જવાબ આપવો પડશે અને તે સંતોષકારક નહી હોય તો તેની સામે યોગ્ય પગલા પણ લેવામાં આવશે. આમ રાજયમાં પહેલી વખત વીજ વિભાગના અધિકારીની જવાબદારી નકકી કરવામાં આવતા વીજ વિભાગના અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. તેના કારણે વીજ વિતરણ કંપનીઓએ ચોમાસા અગાઉ જડબેસલાક તૈયારીનો આરંભ કર્યો છે.

# હોસ્પિટલમાં યોગ્ય સમયે સારવાર ન મળતા ૪૨ વર્ષીય યુવકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટની ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ પાસેથી મોટી રકમ વસૂલવામાં આવતી હોવા છતાં સમયસર સારવાર ન મળતી હોવાની બૂમો અવારનવાર ઉઠતી રહે છે. આજે આવી જ એક સંવેદનહીનતા રાજકોટની સિનર્જી હોસ્પિટલમાં જોવા મળી છે. હોસ્પિટલના વહીવટી તંત્ર અને ફરજ પરના તબીબોની ગંભીર લાપરવાહીના કારણે એક ૪૨ વર્ષના દર્દીનું તડપી-તડપીને મોત નીપજ્યું હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ મૃતકના લાચાર પરિવારે લગાવ્યો છે. મળતી માહિતી મુજબ, ૪૨ વર્ષીય યુવકને અચાનક તબિયત લથડતા અથવા કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિનર્જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરિવારજનોનો આક્ષેપ છે કે, હોસ્પિટલમાં લાવ્યા બાદ ઈમરજન્સી સેવા આપવાના બદલે કાગળિયાની વિધિઓ અથવા અન્ય આનાકાનીમાં કિંમતી સમય વેડફી નાખવામાં આવ્યો હતો. દર્દી ભારે પીડામાં હોવા છતાં ડોક્ટરો કે સ્ટાફ દ્વારા તેને સમયસર પ્રોટોકોલ મુજબની ટ્રીટમેન્ટ આપવામાં આવી ન હતી. આખરે, યોગ્ય સારવારના અભાવે આ ૪૨ વર્ષીય યુવકે દમ તોડી દીધો હતો. યુવકના અકાળે અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# મહેસાણા સહિત ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના જુનાગઢ, ધોરાજી અને પોરબંદર વિસ્તારોમાં અનેક પેટ્રોલ પંપો બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા સહિત ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના જુનાગઢ, ધોરાજી અને પોરબંદર વિસ્તારોમાં અનેક પેટ્રોલ પંપો બંધ અથવા ડ્રાય આઉટ થયા છે.

પંપ માલીકો મીનીમમ જથ્થો હોવાનુ કહીને વેચાણ ટાળી રહ્યા છે. આ સ્થિતિને કારણે વેપાર ઉદ્યોગ, પરીવહન અને ટ્રાન્સપોર્ટરો ભારે હાલાકીમાં મુકાયા છે.

માલના આવ-જા પર અસર પડવાની આશંકા વધી છે. ટ્રાન્સપોર્ટરોએ બે દિવસ અગાઉ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરી હતી. જો સત્વરે નિરાકરણ નહી આવે તો માલ વહન વ્યવસ્થા પર મોટી અસર પડશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

